THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

## -The TFIC Team.

# જૈનપ્રકાશક સ્તવનાવલી.

— o —

## ભાગ પહેલો.

બૃહત્ ખરતર ગચ્છીય ઉપાધ્યાય શ્રી કલ્યાણ
નિધાનજી ગણિના શિષ્ય ગોપાલચંદ્રજીયેં
રચ્યું.

તેને

જૈનપ્રકાશક મંડલી તરફથી
શા. ઓધવજી વૃદ્ધ દેવજી ગામ શ્રી જામ
નગર વાલાયેં

શ્રી મુંબાપુરી મધ્યે
કા૦ સાં૦ ના ગુજરાત પ્રીંટિંગ પ્રેસમાં છપાવ્યું.
સંવત્ ૧૯૪૧ દ્વિતીય જ્યેષ્ઠશુદ પ્રતિપદા.

---

કિમ્મત અઢી આના.

# પ્રસ્તાવના.

—— :0: ——

## ॥ કુંડલીયા ॥

શ્રીઅરિહંતની કરૂણા થકી, ભરપૂર થઇ મન કામ ॥ મન રંજન આ ગ્રંથનું, જૈન પ્રકાશક નામ ॥ જૈનપ્રકાશક નામ, ખાંતથી આપ્યું ખોલી, ઝાઝા કાવ્યની માંહે, પ્રેમથી પોથી બોલી ॥ સ્તવન રાગ વિવિધ ભરી, કરી ખરચ હમ મેનત કરી ॥ અડચણ સઘલી સગવડ બની, અરિહંતની કરૂણાકરી ॥ ૧ ॥

આ પુસ્તકમાં ઇંદ્રસભાના રાગ, ઠુમરી, ગજલ, કેરબા, ગરબી, લાવણી અને બનજારા વગેરે રાગોમાં ગવાતાં સ્તવનો તેમજ કેટલાએક નીતિ સંબંધી છુટા બોલો છાપવામાં આવ્યા છે. તેમાં અમારો આ પ્રથમજ પ્રયત્ન હોવાથી અશુદ્ધતાના દોષ દીઠામાં આવેતો ગુણજ્ઞસજનોએ અમારીપર કૃપાદૃષ્ટિ રાખી સુધારી વાંચવોજી; આ પુસ્તકનો બીજો ભાગ પણ થોડા દિવસમાં છાપી બાહેર પાડવાનો અમારો વિચાર છે.

—— :0: ——

૨૫૮૯

# અથ શ્રીજૈનપ્રકાશ સ્તવનાવલી પ્રારંભઃ

॥ પદ પહેલું ॥ રાજા હું મેં કોમકા ॥ એ દેશી ॥

પ્રહ ઉઠી મેં સદા નમું, હાથ જોડકે સામ ॥ ચો વીશે જિનરાજકું હું, નિત્ય કરૂં પ્રણામ ॥ ૧ ॥ રિષભ અજિત સંભવ અભિનંદન, ઔર સુમતિ જિનરાજ ॥ પદ્મ સુપાર્શ્વ ચંદ્રા પ્રભુસેં, લગન લગી હે આજ ॥ ૨ ॥ સુબુધિ શીતલ શ્રીશ્રેયાંસ સવાઇ, દીજેં મુક્તિ નાથ, વાસુપૂજ્ય જિન બારમા, વિમલ અનંત નાથ ॥ ૩ ॥ ધર્મ શાંતિ અરૂ કુંથુ જિનેશ્વર, અર મલ્લિ મહારાજ ॥ મુનિસુવ્રત નમિ નેમજી, પાર્શ્વ વીર જિનરાજ ॥ ૪ ॥ પાઠક કલ્યાનકિ, નિધાન પૂરો આસ ॥ કરજોડી ગુણ ગાવતા, ચંદ ગોપાલદાસ ॥ ૫ ॥

॥ પદ બીજું ॥ અરે લાલ દેવ ઇસતરફ જ લદ યા ॥ એ રાગમાં ॥

ગઈથી ગઇથી મેં મંદિર આજ, વાં બેઠેથે શ્રી જિનરાજ ॥ ૧ ॥ કહા કહૂં આંગીકી અજબ બાહાર, મન પ્રસન્ન ભયા પ્રભુકું નિહાર ॥ ૨ ॥ મસ્તકમેં શોહે મુકુટ અતિ સાર, કાનોંમેં કુંડલકાહે જલકાર ॥ ૩ ॥ ગલે બિચ માલા શોહે મોતિકી, બાજુ કડા કંઠી સોહે નીકી ॥ ૪ ॥ સોનેકે સિંધાસન પર બેઠે હૈ રાજ, ફૂલુંકા સુગંધ ભયા અતિ આ

જ ॥ ૫ ॥ ઐસેં સાહેબ સંભવ જિનરાજ, કરૂં મેં પ્રણા
મ પૂરે મન કાજ ॥ ૬ ॥ કલ્યાણ નિધાનકી પુરે આશ,
ચંદ ગોપાલ તુમારો હૈં દાસ ॥ ૭ ॥ ઇતિ ॥

**॥ પદ ત્રીજું ॥ ઘરસેં ઇહાં કૌન ખુદાકે લીયે લા-**
**યા મુજેકાં ॥ એ રાગ ॥**

ચિંતામણી પાર્શ્વપ્રભુ, અરજ કરૂં મેં તુજકું, અબ
મેરી અરજ શુની પાર ઊતારો મુજકું ॥ ૧ ॥ શત્રુ મેરે અ
ષ્ટ કર્મોને ફંદમેં ફસાયા મુજકું, તુમ બિન ઔર નહી ફં
દ છોડાવે મુજકું ॥ ૨ ॥ જ્ઞાન ધ્યાન તપ જપ નહીં ઊદ
યેં આવે મુજકું, એક તેરા નામકા આધાર પ્રભુ હૈ મુજકું
॥ ૩ ॥ નર નારિ સુરવર નિત્ય નમે હૈ તુજકું, મેરા મન
મેંતો પ્રભુ ધ્યાન ધરૂં મૈં તુજકું ॥ ૪ ॥ કલ્યાણ નિધાન
પ્રભુ અરજ કરે હૈં તુજકું, ચંદ ગોપાલ કહે દરશ દેખા
વો મુજકું ॥ ૫ ॥ ઇતિ ॥

**॥ પદ ચોથું ॥ ઠુમરી ॥ છલા હમારા યા**
**દ રખનાં ॥ એ દેશી ॥**

પ્રભુ નામકું યાદ કરનાં, યાદ કરના નહીં બિસર
નાં ॥ પ્રભુ૦ ॥ એ ટેક ॥ જિનવરજીસેં ધ્યાન લગાય
કે, આતમ મૈલકોં નિરમલ કરનાં ॥ પ્રભુ૦ ॥ ૧ ॥
તીનતત્ત્વકા ધ્યાન ધરિકે, ચાર ચોકડીકું પરિહરનાં ॥ પ્રભુ૦ ॥
૨ ॥ તન ધન યૌવન સબ હૈ જૂઠા, ઇનકોં દિલમેં ખૂબ સમ

જનાં॥ પ્રભુ૦॥૩॥ શિવપદવીકી ચાહ હોવેતો, સમકિતબીજ હૃદયમેં રખનાં ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ ચંદ ગોપાલકી આસ પૂરીજેં, અબ મૈં આયો આપકે સરનાં ॥ પ્રભુ૦ ॥ ૫ ॥

॥ પદ પાંચમું ॥ હું મરી ॥ લટ ધારી જોબન કામની યા ॥ એ રાગમાં ॥

જાવું સખિ જિન મંદિરકું, મૈં અજિત જિનંદકું ધ્યાવું રે ॥ જાવું૦ ॥ એ ટેક ॥ જિનજીસેં પ્રીતલગી તન મનસેં, ચરણમેં શીશ નમાવું રે ॥ જાવું૦ ॥ ૧ ॥ અષ્ટ દ્રવ્યસેં પૂજા કરકે, મનવંછિત ફલ પાવું રે ॥ જાવું૦ ॥ ૨ ॥ ભવ સમુદ્રસેં પાર ઊતારો, ઇતની અરજ લગાવું રે ॥ જાવું૦ ॥ ૩ ॥ કર જોડી કહે ચંદગોપાલ, ચરણકમલ ચિત્ત લાવું રે ॥ જાવું૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ છઠું ॥ રાજા બાત કહું છું સાચી પરણ્યો સાથ મારી ॥ એ રાગ ॥

ચિંતામન પાસ પ્રભૂ અરજ સુનીજેં, અરજસુનીજેં પ્રભુ અરજ સુનીજે ॥ ચિંતા૦ ॥ ટેક ॥ મૈં હું બાલક આપહો સ્વામિ, મેરી અરજ ચિત્તમાંધરીજેં ॥ ચિં૦ ॥ ૧ ॥ વિકથા નિદ્રા કુમતિ કષાયકાં, અષ્ટ કર્મોકાં દૂર કરીજે ॥ ચિં૦ ॥ ૨ ॥ મનવંછિત મેરી આસા પૂરો, શિવપુર નગર મોહે દીજેં ॥ ચં૦ ॥ ૩ ॥ ચંદકેશરી ગુણ પદ્મ ગાવે, મેરે ઊપર પ્રભુ મહિર કરીજેં ॥ ચિં૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ સાતમું ॥ મહેલેં પધારો મહારાજ॥ એરાગમાં ॥

અરજ સુનીજે મહારાજ, નેમ પ્રભુ અરજ સુનીજં
॥ ટેક ॥ દોહા ॥સમુદ્રવિજયકુલચંદલો, શિવાદેવી માત॥
આપ સુનો મેરી વીનતિ, કરજોડી કહૂં વાત॥નેમ૦ ॥૧
॥ તોરણ આઇ પરણવા, લેઈ સાથેં પરિવાર ॥ પીછા રથ
ફેરાવીયા, સુની પશુઅનકી પોકાર ॥ નેમ૦ ॥ ૨ ॥ મુ-
જનેં છોડીનેં પ્રભુ, જાઓ હો ગિરનાર ॥ મૈં અબલા પતિ
હીન ભયે, અબ કરના કવન બિચાર ॥ નેમ૦ ॥ ૩ ॥ મા
ત પિતાનેં પરિહરી, દીક્ષા લેઈ પ્રભુ પાસ ॥ પીયુ પહેલી
શિવ જાયકે, પૂરી સબ મનકી આસ ॥ નેમ૦ ॥ ૪ ॥ કલ્યા
ન નિધાન પાઠક ગણિ, ચંદ ગોપાલ દાસ ॥ શ્રીસંઘકીઆ
શા પૂરજો, પ્રભુ જાણી તુમારો દાસ॥ નેમ૦॥ ૫ ॥ ઇતિ ॥

॥ પદ આઠમું ॥ ઠુંમરી ॥ લગના પાની પૂરવ મતિ જ
ઇયો રે ॥ એ રાગમાં ॥

પ્રભુકા ધ્યાન ધરો તુમેં પ્યારૂ રે ॥ પ્રભુ૦ ॥ ૧ ॥
ટેક ॥ પ્રભુજીકે નામસેં પાપ કટત હૈ, અશુભ કરમ દૂર જા
વે રે ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ યા જગતમેં ઔર કોઇ નહીં હૈ, એ
કે પ્રભુજી કહાવે રે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ માતા પિતા સબ સુખ
કે સાથી, દુઃખમેં કોઇ ન આવે રે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ યા દુ
નિયાકી જૂઠી હૈ માયા, જૂઠા જાલ ફેલાવે રે ॥ કલ્યાન નિ
ધાનકી આસ પૂરીજં, ચંદ ગોપાલ ગુન ગાવેરે ॥ પ્રભુ૦ ॥
૪ ॥ ઇતિ ॥

## ॥ પદ નવમું રાગ મેવારો ॥ ચંદાસેં તારી ઓઢણી ॥ એ રાગમાં ॥

પદ્મપ્રભ જિન સાહેબા, મેં પૂજા કરૂં રાજ ॥ પૂજા કરૂં રાજ, મેતો સેવા કરૂં રાજ ॥ પદ્મ૦ ॥ ટેક ॥ કેશર ચંદન કસ્તૂરીનેં, માંહે મિલાવું બરાસ ॥ પદ્મપ્રભજી નેં પૂજતાં, માહારો જીવ થાયે ઊલ્લાસ ॥ મેં૦ ॥ ૧ ॥ નિન્હવ મુખથી એમ કહે, પ્રભુ પૂજાથી પાપ ॥ તે આગમ જાણે નહી, મુખથી કરે વિલાપ ॥ મેં૦ ॥ ૨ ॥ છઠ્ઠા જ્ઞાતા અંગમાં, કહ્યો પૂજા અધિકાર ॥ દ્રૌપદીયેં પૂજા કરી, ભેદ સતર પ્રકાર ॥ મેં૦ ॥ ૩ ॥ રાયપસેણી સૂત્રમાં, એ આદિ બહુ સાખ ॥ આગમ જોઇનેં માન જો, ખોલી જૂઓ નિજ આંખ ॥ મેં૦ ॥ ૪ ॥ કલ્યાણનિધાન પામશો, ચંદ ગોપાલ દાસ ॥ પ્રભુ પ્રતિમાનેં પૂજશો, તો પોહોંચસે મનની આશ ॥ મેં૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ॥ પદ દશમું ॥ સમાલો તેરી અદાકું જરા સુનોતો સહી ॥ એ રાગ ॥

ચિંતામન પાર્શ્વપ્રભુ અરજ હૈ, સુનોતો સહી, પ્રભુ બિના કૌન સુનેગા, જરા સુનો તો સહી ॥ ટેક ॥ રખીયેં મેરી લાજ કહું કર જોડીનેં, તુમ બિનકૌન રખેગા ॥ જરા૦ ॥ ૧ ॥ અષ્ટદ્રવ્યસેંતી મેં પૂજા કરૂં આપકી, મેરી સમ આસ ફલેગા ॥ જરા૦ ॥ ૨ ॥ ઇંદ્રચંદ્ર નર નાર ગુન

આવે હૈ તેરા, મૈં તોરા ગુન ગાઊંગા ॥ જરા૦ ॥ ૩ ॥ ચંદકેશરી તો પ્રભુ, પૂજા કરેહૈં તેરી, ગુન પદ્મ સેવા કરેગા ॥ જરા૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ અગીઆરમું ॥ લલિત છંદ ॥

અરર નેમજી સુનો મોરા નાથ, છું દુઃખી બહુ જોડી કહું હાથ ॥ ૧ ॥ અરર આપ તો છોજી મહારા પ્રાણ, તુમ વિયોગથી થાઊં છું હેરાણ ॥ ૨ ॥ અરર મહારૂં આપમાં છે ધ્યાન, જો તજો તુમેં તો જાયે મહારા પ્રાણ ॥ ૩ ॥ અરર આજ તો કરીનેં બહુ મેહેર, જો ધરો દયા તો આવો માહારે ઘેર ॥ ૪ ॥ અરર મહારા નાથ મેં તજું ઘર બાર, દીક્ષા આપીનેં તારો ભવપાર ॥ ૫ ॥ અરર જોડી હાથ વિનંતિ કરૂં, ગોપાલ ચંદ દાસ ચરણ ચિત્તધરૂં ॥ ૬ ॥ ઇતિ ॥

॥ પદ બારમું ॥ પ્રભુ મેર કરો હમ ઊપરેં ॥ એ દેશી ॥

આદિજિન સ્વામી પૂજા કરૂં રાજા, કેસર ઘોલી ભરીય કચોલી ॥ આ૦ ॥ ૧ ॥ ચરણ પખાલું આંગી રચાવું, માલા પહેરાવું મોતીડેં વધાવું ॥ આ૦ ॥ ૨ ॥ પુર્વ નવાણુ વાર શેત્રુંજા, આદિનાથ આવ્યા જગજસ પાયા ॥ આ૦ ॥ ૩ ॥ એણેગિરિ સીધા સાધુ અનંતા, મોક્ષપદ પાયા તીરથ કહાયા ॥ આ૦ ॥ ૪ ॥ જૈનપ્રકાશક મંડલી કરે અરદાસ, સંઘની પુરો આસ ગુણગાવે પ્રભુદાસ ॥ આ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ॥ પદ તેરમું ॥ માતાજી મનેં મેહેર કરી રજા આપો રે ॥ એ રાગમાં ॥

ચિંતામણિજી આજ, મુને કૃપા કીજેં રે ॥ કૃપા કીજેં રે, દરિશન દીજેં રે ॥ હું શરણે તુમારે આયો ॥ ચિં૦ ॥ ૧ ॥ અશ્વશેન કુલચંદા રે, વામાદેવીકે નંદા રે ॥ તુમ તીન ભુવનકે નાથ, સહુ સુર નર જોડે હાથ ॥ ચિં૦ ॥ ૨ ॥ જે તુમ ચરણા સેવે રે, ચિંતા સહુ ખેવે રે ॥ ચિંતામણિ તસ આવે, મન-વંછિત ફલ પાવે ॥ ચિં૦ ॥ ૩ ॥ સહેર મુંબઇમાં રે, જૈનપ્રકાશક મંડલી રે ॥ ગુન ગાવે પ્રભુ દાસ, મેરી પુરો મનકી આસ ॥ ચિં૦ ॥ ૪ ॥

## ॥ પદ ચૌદમું ॥ કીયા ઇસક પરીનેં માહારા, મુજે છોડ ચલા બનજારા ॥ એ રાગ ॥

સાંભલ રે સખીયા હમારી, મુજે નેમ પિયાને વીસારી ॥ ટેક ॥ પ્રભુ તોરણકું જબ આયે, તબ સોર પશુનેં સુનાયે રે ॥ પ્રભુ જાઈ ચઢે ગિરનારી ॥ મુજે નેમ૦ ॥ ૧ ॥ સખી રાજુલકું જાઈ સુનાવે, તોહે નેમ પ્રભુ છટકાવે રે ॥ વે પરણી મુગતિ નારી ॥ મુજે૦ ॥ ૨ ॥ એતો શોક કહાંસેં આઇ, મેરે પ્યારેકું ભરમાઇ રે ॥ મેં ભઈ હું નિરાધારી ॥ મુજે૦ ॥ ૩ ॥ તુમ માત પિતા સુનો ભાઈ, મેં સંયમ લેણ જાઈ રે ॥ પ્રભુ પહેલાં ગઇ શિવ પ્યારી ॥ મુજે૦ ॥ ૪ ॥ જૈનપ્રકાશ અમૃત ફલ પાવે, ગુણ ચંદગોપાલ ગાવે રે ॥ પ્રભુ ચરણકમલ ચિત્તધારી ॥ મુજે૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ॥ પદ પંદરમું ॥ રસીલી તાહારી સુરતદેખી ॥ એ રાગમાં ॥

શ્રીમહાવીર જિનેશ્વર સ્વામી, ચોવીશમા પ્રણમું શિરનામી ॥ ટેક ॥ સિદ્ધારથ કુલ ચંદ સુહાવે, ત્રિશલા દેવીકે નંદ કહાવે ॥ શ્રીમહા૦ ॥ ૧ ॥ દીક્ષા લેઇ પ્રભુ કેવલ પાયો, ભવિજનકું ઊપદેશ સુનાયો ॥ શ્રીમહા૦ ॥ ૨ ॥ કંચનવરણ શરીર બિરાજે, દરિશન કરતા સહુ દુઃખ ભાજે ॥ શ્રીમહા૦ ॥ ૩ ॥ કરજોડી કહે ચંદ ગોપાલ, જૈન પ્રકાશ કરો પ્રતિપાલ ॥ શ્રીમ૦ ॥ ૪ ॥

## ॥ પદ શોલમું ॥ પ્રભુ તોરા નામકી લય મુને લાગી ॥ એ રાગમાં ॥

ચતુર નર દરિશન કરનેંકું આવે, મનવંછિત ફલ સહુ પાવે ॥ ચતુ૦ ॥ ટેક ॥ નાભિરાય કુલ ચંદ બિરાજે, મરૂદેવી હુલરાવે, પાંચસેં ધનુષ્યકી કાયા પ્રભુકી, કંચનવરણ સોહાવે ॥ ચતુ૦ ॥ ૧ ॥ આદીશ્વરકી ક્યા કહું શોભા, કહેતાં પાર ન આવે ॥ ગુનકે આગર સહુ દુખ ભંજન, સુર નર મુનિ ગુનગાવે ॥ ચતુ૦ ॥ ૨ ॥ ભાઇખલેમેં મંદિર સોહે, સહુ શ્રીસંધ મન ભાવે ॥ અઠાઇ મહોત્સવ વિધિશું કરતાં, ચૌમુખ રચના રચાવે ॥ ચતુ૦ ॥ ૩ ॥ કર જોડી કહે ચંદ ગોપાલ, ચરણકમલ ચિત્ત લાવે, જૈનપ્રકાશક ગાયન મંડલી, સદા પ્રભુ ગુન ગાવે ॥ ચતુ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ સત્તરમું ॥ મરૂંછુ વેરી હાથથી ॥ એ રાગમાં ॥

પ્રણામ હોજો પ્રભુનેં, મહારાજકું પ્રણામ॥ મહારાજકું પ્રણામ હૈ જિનરાજકું પ્રણામ॥ પ્ર૦ ॥ ટેક॥ પ્રથમ આદિનાથકું મૈં, અરજ કરૂં સાર॥ દુઃખકીમૈં બાત કહું, કરીનેં પ્રણામ॥ પ્ર૦॥ ૧ ॥ મુજકોં દુઃખ દેવે બહુ, કર્મ શત્રુરાય॥ ઇનકોં દૂર કીજીયેં ॥ કરૂં મૈં પ્રણામ ॥ પ્ર૦॥ ૨ ॥ આપકો મૈં ધ્યાન ધરૂં, ઔર નહીં ધ્યાન ॥ પૂજા કરૂં નૃત્ય કરૂં, કરૂં બહુ પ્રણામ ॥ પ્ર ॥ ૩ ॥ કૃપા કરો મુજકોં, પૂરો મેરી આસ ॥ દુસમનોકોં દૂર કરો, કરૂં નિત્ય પ્રણામ ॥ પ્ર૦ ॥ ૪ ॥ શ્રી સંઘકી આશા પુરો, ગુન પદ્મ દાસ॥ જૈનપ્રકાશ મંડલીકો, માનો બહુ પ્રણામ ॥ પ્ર૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ પદ અઢારમું ॥ બદનસી માઇ મેરા નેમકા હોગા ॥ બદનસી ॥ ટેક ॥ સહુ નારી પીયા પાઈ, મોકું આઇ જૂદા જૂદા ॥ મેરો નેમ હૈ ગિરનાર, ગિરરરરરરર ॥ માઈ૦ ॥ ૧ ॥ પ્રભુ રથકોં ફેરાઇ, શોતો પાઇ મુદા મુદા ॥ પશુ કરી હૈ પોકાર, કરરરરરરર ॥ માઈ૦ ॥ ૨ ॥ પ્રભુપાસેં દીક્ષા લેઈ, સુખદાઇ સદા સદા ॥ દોનુ ગયે મોક્ષ પાર, પરરરરરરર॥ માઈ૦॥ ૩ ॥ કલ્યાનનિધાન પાઇ, મોકું આઇ ખુસીખુસી॥ ચંદગોપાલકું તારો, તરરરરરરર ॥ માઇ૦ ॥ ૪ ॥

॥ પદ ઓગણીશમું ॥ કહુંછું નસીબેં દુઃખીયો કીધો છે ॥ એ રાગમાં ॥

કિસપર માન ગુમાન કરીજં, એક પ્રભુજીકો ધ્યા

ન ધરીજે ॥ કિસ૦ ॥ ટેક ॥ જોબન જોર માયાકે નશે મેં, ભૂલગયે તુમ ગુરૂ એક પલમેં ॥ કિસ૦ ॥ ૧ ॥ ક્રોધ કૂપમેં પડકે ગિમારા, એક ઊપાય ન સોચું તુમારા ॥ કિસ૦ ॥ ૨ ॥ લોભ લુગાઇસેં મોહ પાયકે, બહોત દુઃખી હુએ નરક જાયકે ॥ કિ૦ ॥ ૩ ॥ પાંચ મિત્રકે ફંદમેં પડકે વારંવાર તું લક્ષ ભમીકે ॥ કિસ૦ ॥ ૪ ॥ ઇનકું છોડ તુમ ધ્યાન લગાવો, અજર અમર સુખ સહેજમેં પાવો ॥ કિ૦ ॥ ૫ ॥ ચંદગોપાલકી આસપુરીજે, જૈનપ્રકાશક ગુન ગાહીજે ॥ કિસ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

## ॥ પદ વીશમું ॥

વીર પ્રભુજી તોરે સમોસરણકી વારીજાઊં વારીજાઉં ॥ બે કર જોડી વિનતિ કરૂંજી, પ્રભુ પાય લાગું પાયલાગું ॥ વી૦॥ ટેક ॥ દોહા ॥ ચાર કરમનો ક્ષય કરી, પામ્યા કેવલ જ્ઞાન ॥ ઇંદ્રાદિક ચોશઠ મલ્યા, કાંઇ સમવસરણ રચે આન ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ રૌપ્ય કનક રત્ન મયી, ગઢ એ તીન પ્રકાર ॥ વીશ સહસ્ર પાઊડા મલી, કાંઈ સોહે અષ્ટ પ્રાતિહાર ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ ચોત્રીશ અતિશય શોભતા, સાત હાથ દેહમાન ॥ મૃગરાજ લચ્છન સહી, કાંઇ પાંત્રીશ ગુણ યુક્ત વાણ ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ ગુણ અનંતા આપમેં, નહીકોઇ પાવે પાર ॥ મન વંછિત મુજ દીજીયેં, કાં વંદે સહુ નરનાર ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ મુંબઇકે બિચ શોભતા

પૂરે ભવિજન આશ ॥ જૈનપ્રકાશક મંડલી, કાંઇ ચંદગોપ
ચ હે દાસ ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ પદ એકવીશમું ॥ ઠુમરી ॥ હોમતવાલે ॥ એ રાગ ॥

હો નેમ પ્યારા મનાય લાવો, સૈયાં મોરા ॥ હો નેમ પ્યારા શામલીયા ॥ ટેક ॥ ચંદજૈસા મુખડા શોહે, અનિયાલા નયના ॥ લગ ગઈ મૈરી નજરીયાં ॥ હો નેમ૦ ॥ ૧ ॥ અરજ બહુત કીના પ્રભુ નહી માન્યા, જઇ ચઢે ગિરનારીયા ॥ હોને૦ ॥ ૨ ॥ રાજુલ કહે પ્રભૂ મુજરા મૈરા લેજા, આપકી હૂં મૈં ચેરીયાં ॥ હોને૦ ॥ ૩ ॥ જૈનપ્રકાશકી અરજ સુન લેના, આયામેં શરણ તુમારીયાં ॥ હોને૦ ॥ ૪ ॥

॥ પદ બાવીશમું ॥ ઇંદરરાજા હમસેં બોલો ॥ એ રાગ ॥

અરજકરૂં કરજોડિ કે, શુનીયેં શ્રીમહારાજ ॥ હો પ્રભુજી સુનીયેં શ્રી૦ ॥ શાંતિનાથ જિન શોલમાંમૈં, પાયો દરિશન આજ ॥ ૧ ॥ દ્વાદસ ગુણ પ્રભુ શોભતા, ધરતા કેવલ જ્ઞાન ॥ હોપ્રભુ૦ ॥ સુગંધ શરીરેં હોયે ભલું, શ્વાસ કમલસમાન ॥ હો૦ ॥ ૨ ॥ લોહીમાંસ પ્રભુજીકે શોહે, ગાયકે દૂધ સમાન ॥ હોપ્ર૦ ॥ આહાર નિહાર દેખે નહી, હેઆગમ પરમાન ॥ હો૦ ॥ ૩ ॥ અશોકવૃક્ષ ફૂલકીવરષા, દિવ્યધ્વનિ સુખકાર ॥ હો૦ ॥ ચામર સિંધાસન ભલેરૂં, ભામંડલ અતિસાર ॥ હો૦ ॥ ૪ ॥ દેવદુંદુભી વાજા વાજત, તીન છત્ર શિ

રસાર ॥ હો૦ ॥ ચરણકમલ સેવે સદા, વંદે સુર નર ના
ર ॥ હો૦ ॥ ૫ ॥ જૈન પ્રકાશ વિનંતી કરે, મંડલી હૈ તુમ
દાસ ॥ હો૦ ॥ મનવંછિત ફલ આપજો, હું આવ્યો શર
ણે આજ ॥ ૬ ॥ ઇતિ ॥

## ॥ પદ ત્રેવીશમું ॥

મેંતો રહીછું મનાય મનાય, નેમપિયા નહી માને
માહારાજ ॥ મેંતો૦ ॥ ટેક ॥ થેતો આવ્યા વ્યાહન
કાજ, તોરણ રથ ફેર્યો મહારાજ ॥ મેંતો૦ ॥ ૧ ॥ તેંતો
શુની, પશુઅનકી પોકાર, ગિરિવર જાઇ અઢયા મહારાજ ॥
મેંતો૦ ॥ ૨ ॥હુંતો અરજકરૂં કરજોડી, સેવકકી વિનતી
મહારાજ ॥ મેંતો૦ ॥ ૩ ॥

## ॥ પદ ચોવીશમું ॥ મેરી અખિયા ફરકન લાગે ॥ એ રાગમાં ॥

અખીયાં મૈરી પ્રભૂજીસેં આજ લગી, ભલા આજ
લગી અખીયાં મૈ૦ ॥ ટેક ॥ પાવાપુરશ્રી વીરજિનેસર, દે
ખત દુર્ગતિ દૂર ટલી ॥ અખી૦ ॥ ૧ ॥ મસ્તક મુકુટ સો
હે મન મોહન, બિચબિચ હીરા મોતી લાલ જડી ॥ અ
ખી૦ ॥ ૨ ॥ રત્નજડિત દોય કુંડલ સોહે, ગલે બિચ મો
તીયન માલ પડી ॥ અખી૦ ॥ ૩ ॥ હરષચંદ કહે પ્રભુ
સાહેબ, ચરન ન છોડું પલ એક ઘડી ॥ અખી૦ ॥ ૪ ॥

॥ પદ પચ્ચીશમું ॥ કેમ ખોલું પ્રીતમ ઘુંઘટો ॥ એ રાગમાં ॥

ધ્યાનમેં જિનકે સદા, લયલીન હોના ચાહિયેં ॥ જ્ઞાન ગુન જ્ઞાન સૈલી, પરવીન હોના ચાહિયેં ॥ ધ્યાન૦ ॥ ટેક ॥ રાહ સંયમકી પકડ, કલ્યાનકી સૂરત મિલે ॥ કાલ ગફલતમેં સજ્જન, નાહક ન ખોના ચાહિયેં ॥ ધ્યાન૦ ॥ ૧ ॥ ધર્મખેતી કીયા ચાહેં, જમીનકુ સાફ રખ ॥ બીજ સમકિતકા હૃદયમેં, રૂચીસે બોહોના ચાહિયેં ॥ ધ્યાન૦ ॥ ૨ ॥ કામના મનકી સફલ, આનંદસેં પુરન ભઈ ॥ અબતો સમતા સેજ ઉપર, સુખસેં સોના ચાહિયેં ॥ ધ્યાન૦ ॥ ૩ ॥ દાસ ચુની આપને ઘર, આનંદસેં ફુલેગા કલ્પ ॥ ભવ સ્થિતિ પકનેસેં, મુગતાફલ સલોના હી ચાહિયેં ॥ ધ્યાન૦ ॥૪॥

॥ પદ છવીસમું ॥ લાવણી ॥

તું અકલંકી રૂપ સરૂપી, પરમાનંદપદ તું દાયી ॥ તું શંકર બ્રહ્મા જગદીસર, વીતરાગ તું નિરમાયી ॥ અનુપમ રૂપ દેખ તુમ રીઝે, સુરનર નારિકે વૃંદા ॥ નમો નિરંજન ફણીપતિ સેવિત, પાસ ગોડીચા સુખકંદા ॥ ૧ ॥ કાને કુંડલ શિરછત્ર બિરાજે, ચક્ષુટીકા નિરધારી ॥ અષ્ટ બીજોરો હાથેં સોહે, તુમવંદતહૈ નરનારી ॥ ૨ ॥ અગ્નિ કાષ્ટસેં સર્પ નિકાલ્યા, મંત્ર સુનાયા બહુ ભારી ॥ પૂરવ જનમકે

વૈર ખોલાયા, જલભરસાયા શિરધારી ॥ ૩ ॥ જલ આંકે તુમ નાકે અડીયા, અનશન કીના નિરધારી ॥ નાગદેવતા છત્ર ધરે તોકું, પૂરવ જનમકા ઊપકારી ॥ ૪ ॥ ઊદય રત્ન કહે સુનો લાવણી, ઐસી સોભા બહુ સારી ॥ માતપિતા બંધવ સબ છાંડી, સંયમ લીનોનિરધારી ॥ ૫ ॥ઇતિ ॥

**॥ પદ સત્તાવીશમું ॥ તાલ દ્રુપદનો રાગ ॥**

પારબ્રહ્મ પરમૈશ્વર્ય, પુરૂષોત્તમ પરમાનંદ ॥ નાભિકે નંદ આનંદ કંદ, મરૂદેવીકે શ્રીજિણંદ ॥ પાર૦ ॥ ૧ ॥ મરૂદેવીકે જન્મ આય, રિષભદેવ નામ પાય ॥ રાજતિલક ધારે, પ્રથમ તો નરેશ નંદ ॥ પાર૦ ॥ ૨ ॥ પ્રથમ લીન બ્રહ્મમાંય, ઇંદ્રાદિક નમે પાય ॥ કેવલતો પ્રગટ આય ॥ બાજત હૈ દેવદુંદુભિ ॥ પાર૦ ॥ ૩ ॥ કંચન બરન વૃષભ લંછન, સેવકતો તિહારે શરન ॥ દીજીયેં કૃપાનિધાન, દરિશન પ્રથમ જિનંદ ॥ પાર૦ ॥ ૪ ॥ ઇતિ ॥

**॥ પદ અઠ્ઠાવીશમું ॥ કાફી રાગણીમાં ॥**

પંથીડા પંથ ચલેગો, પ્રભુ ભજલે દિન ચાર ॥ પંથી૦ ॥ કયા લે આયા કયા લે જાશે, પાપ પુણ્ય હોય લાર ॥ પંથી૦ ॥ ૧ ॥ બાલપણો આયો ખેલે ગમાયો, યૌવન માયા જાલ ॥ પંથી૦ ॥ ૨ ॥ બૂઢાપણો આયો ધર્મ ન પાયો, ફરી પીછેં પછતાય ॥ પંથી૦ ॥ ૩ ॥ દયા મયા કર પારસ મગસી, અબ તેરો આધાર ॥ પંથી૦ ॥ ૪ ॥ ઇતિ ॥

## ॥પદ ઓગણત્રીશમું ॥

હોરી ખેલો નેમસેં ધાય ધાય, દુર્જનકી લાજ મેરી કરે રે બલાય ॥ હોરી૦ ॥ જ્ઞાન ગુલાલ અબીર ઊડાવો, ક્ષમા કરો રંગ લાય લાય ॥ દુર્જન૦॥ ૧॥ શીલ સંયમ વ્રતપાન મીઠાઇ, ધ્યાન ધરૂંગીમેં ગાય ગાય ॥ દુ૦ ॥ ૨ ॥ અષ્ટ કર્મેકી ખેહ ઊડાવું, જ્ઞાનહીયેમેં લાય લાય ॥ દુ૦ ॥ ૩ ॥ હરખચંદકી એહ વીનંતિ, સરણ ગ્રહીમેં તેરી ભાય ભાય ॥ દુ૦ ॥ ૪॥ ઇતિ ॥

## ॥ પદ ત્રીશમું ॥ રાગ હોરી ॥

કિને ડારી પિચકારી રે, મેંતો સારો ભીજગઇ ॥ કિને૦ ॥ ટેક ॥ ચુવાચુવા ચંદન ઔર અરગજા, કેશરકી છબિ ન્યારી રે ॥ મેંતો૦ ॥ ૧ ॥ બત્રીશ સહસ ગોપી મલી ખેલત, વાસુદેવકી નારી રે ॥ મેંતો૦ ॥ ૨ ॥ નેમ કુમાર મનાવન ચાલી, બોલત ભોલી બાલી રે ॥ મેંતો૦ ॥ ૩ ॥ નવલ કહે ઐસે નેમ કુમરસું, હસી હસી દેત હૈ તાલી રે ॥ મેંતો૦ ॥ ૪ ॥ ઇતિ ॥

## ॥ પદ એકત્રીશમું ॥ મૃગલોચની ગજગામિની હો કામનીજ્યું સુંદર ॥ એ રાગમાં ॥

સાહેબ તેરી બંદગીમેં ભૂલતા નહી, ભૂલતા નહીમેં, વીસારતા નહી ॥ સા૦ ॥ ટેક ॥ અષ્ટાદશ દોષ રહિત દેવ હૈ સહી, અન્યદેવ શંકરાદિ માનતા નહી ॥ સા

હે૦ ॥ ૧ ॥ મુનિહૈ નિર્ગ્રંથ સદ્દગુરૂહૈ સહી, અન્ય ગુરૂ વેશધારી માનતા નહી ॥ સાહે૦ ॥ ૨ ॥ દાન શીયલ તપ ભાવ ધરમહૈ સહી, અન્ય ધર્મ વિષયકામેં માનતા નહી ॥ ॥સાહે૦॥૩॥ મુગતિ રૂપ સિદ્ધ.સુખ વાંછતા સહી, સંસાર દુઃખજાલ રૂપ જાચતા નહી ॥ સાહે૦ ॥૪॥ કહે મુનિ કીર્તિવાન તારીયેં સહી ॥ આવાગમન ભવભ્રમણકા મેટીયેં સહી ॥ સાહે૦ ॥ ૫ ॥ ઇતિ ॥

**॥ પદ બત્રીશમું ॥ ઇનશાકા કામ હુશનપેં મેરે તમામ હૈ ॥ એ રાગમાં ॥**

શખી જાકે નેમ પ્યારેકું, સમજાકે લાવોગે ॥ ઊસેં તનકા હાલ કહેકે, ફિરાકે લાવોગે ॥ સખી૦ ॥ ૧ ॥ ટેક॥ મુખડાતો બતલાકે મેરા મન લીયા હરી, યદુપતિ નેમકાં તુમ જલદી લાવોગે ॥ સખી૦ ॥ ૨ ॥ એક રતિ ચેન નહી તુમ બિના પડી, હાલ કહો પ્યારેસેં તુમ જલદી જાવોગે ॥ સખી૦ ॥ ૩ ॥ સબ માયા ફંદ છોડકે ગિરનાર જા મિલી, દીક્ષા લીયે આપ મુજકાંભી દેવેગે ॥ સખી૦ ॥ ૪ ॥ ગુન પદ્મ કહે ચરણકા શરણ મુજ દીજે, મોક્ષ પદ આપ લીયે હમકાં દેવેગે ॥ સખી૦ ॥ ૫ ॥ ઇતિ ॥

**॥ પદ તેત્રીશમું ॥ વીનતિ ધરજો ધ્યાન ॥ એરાગમાં ॥**

બાજત રંગ બધાઇ, નગરમે, બાજત રંગ બધાઈ॥ ટેક ॥ જયજયકાર ભયો જિનશાસન, વીરજિણંદકી દુહાઇ

॥ નગ૦ ॥ ૧ ॥ સબ સખીયન મિલ મંગલ ગાવે, મોતીઓ ન ચોક પૂરાઇ ॥ ન૦ ॥ ૨ ॥ કેશર ચંદન ભરીય કચોલી, પ્રભુજીકી પૂજા રચાઇ ॥ ન૦ ॥ ૩ ॥ આજ પડે હમ જિન જીકે ધ્યાનમેં, તન મન બેન લગાઈ ॥ ન૦ ॥ ૪ ॥ હરખચંદ પ્રભુ દર્શન પાયો, વિકસિત નયન હો જોઇ ॥ ન૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ પદ ચોત્રીશમું ॥

પિયાકે ચીતર બન પ્રીતમ પાય રે ॥ એ રાગમાં ॥ અરજ સુનો પ્રભુ નેમજી પ્યારે, ચોમાસા રૂતુ આયા રે ॥ ટેક ॥ રાજુલ કહેતી સુણોરી સખીયાં, લાવો પ્રીતમ મોરારે ॥ આષાઢ માસ અવલ જો જાવે, ભાવે નહી દિન રતિયાં રે ॥ અરજ૦ ॥ ૧ ॥ શ્રાવણમાં સહુ મંગન આવે, બનમેં બોલે મોરા રે ॥ નેમ પ્રભુજી રથ તો ફિરાવે, મન વ શ કીનાહે મોરા રે ॥ અરજ૦ ॥ ૨ ॥ ભાદ્રવ મહીને બરષા બરષે, ગિરિવર પર ભયે જરના રે ॥ મેરે નયનસે આંશુ બ રસે, પ્યારે મનમેં બસીયા રે ॥ અરજ૦ ॥ ૩ ॥ આસોજ આશા પુર્ણ ભઇ, જાય ચડે ગિરનારા રે ॥ નેમ રાજુલ દોનુ મુક્તિ મહેલમેં, સુખસંપતિ પ્રભુ વરીયા રે ॥ અ૦ ॥ ૪ ॥ ચંદગોપાલ પ્રભુ ગુણ ગાવે, આયો શરણે તોરા રે ॥ જૈનપ્ર કાશક આશ પૂરીજે, રાખો લાજ હમારા રે ॥ અ૦ ॥ ૫ ॥

॥ પદ પાંત્રીશમું ॥ ઠુમરી રાગમાં ॥

પ્રભુ મૂરત લાગે મોહે પ્યારી, મોહે પ્યારી, પ્રભુ મો

હે પ્યારી ॥ ટેક ॥ મસ્તક મુકુટ કાને યુગ કુંડલ, ભામંડ
લકી છબી ન્યારી ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ પંચ જાતકે પુષ્પ મ-
ગાયકે, આંગીરચી હૈ બહુ સારી ॥ પ્રભુ૦॥ ૨ ॥ જંબુવૃક્ષપ
ર ભુવન મનોહર, રચના બનીહૈ બેહદ ભારી ॥ પ્રભુ૦ ॥
૩ ॥ શ્રીચિંતામનજીકે મંદિર, પૂજા કરાવે અતિ ભારી ॥ પ્ર-
ભુ૦ ॥ ૪ ॥ ચંદ વેદ અરૂ નંદકુમુદય, વસંત પંચમી બુ-
ધવારી ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ કર જોડી કહે ચંદરગોપાલ, જૈનપ્ર
કાશક સુખકારી ॥ પ્રભુ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

## ॥ પદ છત્રીશમું ॥ રાગ મલ્હાર ॥

ઘંટ બાજે ઘનનનનન, ઇંદ્રલોક હર્ષ ભયો ઘં૦ ॥
ટૅક ॥ જન્મે વર્દ્ધમાન કુમર, નૃત્ય રાગ તનનનનન ॥ ઘં૦
॥ ૧ ॥ મૃદંગ તાલ ગુણ વિસાલ, જલ્લરીનાદ જનનનનન
॥ ઘં૦ ॥ ૨ ॥ રૂપચંદ રાગ રંગ, હોત ધ્યાન મધનનન
ન ॥ ઘં૦ ॥ ૩ ॥ ઇતિ ॥

## ॥ પદ સાડત્રીશમું ॥

કિને દેખ્યા હમારા સ્વામી, સ્વામી અંતર જામી રે
॥ કિ૦ ॥ ટેક ॥ આઠ ભવનકી પ્રીત પ્રકાસી, નવમેં ભવ
શિવગામી રે ॥ કિ૦ ॥ ૧ ॥ સહસાવનકી કુંજગલનમેં,
મલ્યા મુનેં અંતર જામી રે ॥ કિ૦ ॥ ૨ ॥ આપ ચલે ગિ
રનારિ ઊપર, નારી, તારી કેવલ પામી રે ॥ કિ૦ ॥ ૩ ॥
કહે નથુ પ્રભુ નેમ નગીનો, કહું છું આજ શિર નામી
રે ॥ કિ૦ ॥ ૪ ॥ ઈતિ ॥

## ॥ પદ અડત્રીશમું ॥

મહારરે સ્વામી બોલોને વાલ્હા ॥ એ દેશી ॥ ન્હાની વહુનેં પરઘર રમવાનો ઢાલ ॥ ન્હા૦ ॥ ટેક ॥ પરઘર રમતાં થઇ જૂઠા બોલી, દેશે ધણીજીનેં આલ ॥ ન્હા૦ ॥ ૧ ॥ હલવે ચાલા કરતી હીંડે, લોકડા કહે છે છીનાલ ॥ ન્હા૦ ॥ ૨ ॥ ઓલંભડા જનજનનાંલાવે, હીયડે ઊપાસેશાલ ॥ ન્હા૦ ॥ ૩ ॥ બાઇરે પાડોસણ જુવોને લગારેક, ફોકટ ખાસે ગાલ ॥ ન્હા૦ ॥ ૪ ॥ આનંદઘનશું રંગેં રમતા, ગોરે ગાલ જબૂકે જાલ ॥ ન્હા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ॥ પદ ઓગણચાલીશમું ॥

રાજુલ પોકારે નેમ, પીયા ઐસી ક્યાકરી ॥ મુજે છોડકે ચલે, ચૂક હમસેં ક્યા પરી ॥ રા૦ ॥ ૧ ॥ હુઇ આસકી નિરાસ, ઊદાસીનતા ધરી, પ્યારા વસ નહી હમેરા, પ્રીતમ પીડમેં પરી ॥ રા૦ ॥ ૨ ॥ હમસેં રહ્યો ન જાય, પ્રીતમ તુમ વિના ઘરી ॥ સંધ લીજીયેં દયાલ, દયા દિલમેં ધરી ॥ રા૦ ॥ ૩ ॥ નિશિદિન તુમારા નામ લેતે, જ્ઞાનકી જરી ॥ મુનિચંદ્ર વિજય ચરણ કમલ, ચિત્તમેં ધરી ॥ રા૦ ॥ ૪ ॥

## ॥ પદ ચાલીશમું ॥

પારસ નાથ આધાર પ્રભુમેરો, પારસનાથ આધાર ॥ ટેક ॥ આ ભવ પરભવ વંછિત પૂરે, શિવપદકો દાતાર ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ વામાજીકો નંદન નિરખ્યો, તે પામ્યા ભવપા

૨ ॥ મેં૦ ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ કહત શામલપ્રભુ આશા પૂરો મૈ રે મનકી, સેવકની કરો સાર ॥ મેં૦ ॥ પ્ર૦ ॥ ૩ ॥ ઇતિ ॥

## ॥ પદ એકતાલીશમું ॥

મુજે હે ચાવ દરશનકા, નિહારોગેતો ક્યા હોગા ॥ ગ્રહી અબતો શરણ તેરી, ઉવારોગે તો ક્યા હોગા ॥ મુજે૦ ॥ ૧ ॥ સુનો શ્રીનાભિકે નંદા, પરમસુખ દેન જયચંદા ॥ મેરી વિનતિ અપાવનકી, વિચારોગે તો ક્યા હોગા ॥ મુજે૦ ॥ ૨ ॥ ફસ્યામેં કર્મકે ફંદા, મુજે તુમ બિન છોડાવે કૌન ॥ તુંહી દાતાર હે જગમેં, ચિતારોગે તો કયા હોગા ॥ મુજે૦ ॥ ૩ ॥ યા ભવસાયર અથાહમેં, જખોરે દુઃખકે નિશ દિન ॥ મેરીહે નાવ અતિ જર્જરી, ઊતારોગે તો ક્યા હોગા ॥ મુજે૦ ॥ ૪ ॥ અધમ ઊદ્ધારણ પૂરણકે, સુમતિ કિલે જું ઢુક દીજે ॥ કુમતિકે કુપસેં અબકે, નિકલોગે તો ક્યા હોગા ॥ મુજે૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ॥ પદ બેતાલીશમું ॥ લાવણી ॥

છાહી ઘટા ગગનમેં કારી, રાજુલકું વિરહ દુઃખ ભારી ॥ છા૦ ॥ ટેક ॥ ચોમાસા લગ્યા રસ ભીના, આલ આષાઢ રંગ મહીનાં ॥ ચારૂ તરફસેં વાદલ પીના, વીજુલાનેં ચમકના કીના ॥ દિલ હોત ધડકત સીના, મેં અબલા સખી પતિ હીના ॥ ઊંડાના સરરરરરર ચલત સમીર, થરરરરર કરત સમીર ॥ ઊરરરરર અરથ સપીર, આલિકેસી

કરૂં તદબીર ॥ બુરી તકદીર પીયા બિન પ્યારી ॥ ૧ ॥ રા જુલકું વિરહ દુઃખભારી ॥ છા૦ ॥ એ આંકણી ॥ સહુસા વનમેં શ્યામઘનઘોર, ભરજોર બોલતે મોર॥ દાદુર મિલ કરતે દોર, પિઊપિઊ પપૈયા સોર ॥ જડ લગ્યો બુંદ જકજોર, બિચ દમકે દામિની કોર ॥ ઊડાવણી ખડડડડડ રવ ધન માલા, તડડડડડ જલ પરનાલા ॥ અડડડડડ નાલા ખાલા, મૈં દુઃખી હુઇ બેહાલ હીયેમેં, સાલ હુઇ જલધારી ॥ રા૦ ॥ ૨ ॥ ભાદોમેં પવન પ્રવીણા, બાદલમૈં ધનુષ રંગીણા ॥ જંગલમૈં નદી સ્વરઝીણા, જ્યું વાજે મનોહર વીણા ॥ અબઐસે કહો કયાઃજીના, પ્રીતમનેં મુજે દુખઃદીના॥ ઊડાના યું વિલપત મુખ મુરઝાઈ, સખીયન મિલ દોડ જ ગાઇ ॥ વિલખતવચન સુનાઇ, સખી દેખો પીયાકી રીત, તોડકે પ્રીતમ ગયે ગિરનારી ॥ રા૦ ॥ ૩ ॥ આસોજ મેં જરા નહીં ધીર, યાદુ ચંદ ભયે વે પીર ॥ ઊઠ ચલી નેમકે તીર, કાટનકું કર્મ જંજીર ॥ પ્રીતમસેં લીયો અકસીર, વ્રત સંજમ સમકેત હીર ॥ ઊડાની શિવ રાજુલ નેમ સિધાયે, ઇંદ્રાદિક જસગુણ ગાયે ॥ ભવિજન મિલ શીશનમાયે, મુનિ કહે કપૂરચંદ પ્રેમસેં છંદ, જાઊં બલિહારી ॥ રા૦ ॥ ૪ ॥

॥ પદ તેંતાલીશમું ॥ રાગ જત્ત ॥

લેલી લેલી પુકારૂં મૈં વનમેં ॥ એ ચાલ ॥

ઐસા જિન ઐસા જિન ઐસા જિન હૈ, જાકું ચઊદરાજ

લોકકી ગમહૈં॥જોકો સબભૂત પ્રાણી સમ હૈ, એતો પંચેંદ્રિયો કોદમ હૈ ॥ ઐસા૦ ॥ ૧ ॥ પ્રભુ પરિસહ ફોજકો જમ હૈ, તપ અગ્નિ કરમકો દમહૈ ॥ ક્ષાયક સમકિત ઉપશમ હૈ, કીયા ક્રોધાદિક ઉપશમહૈ ॥ ઐસા૦ ॥ ૨ ॥ બાવા આદિ યુગાદિ આદમહૈ, એતો અપરમપારપરમહૈ ॥ કેવલજ્ઞાનદર્શન ગત ગમ હૈ, શુદ્ધ સિદ્ધ સરૂપ નિર્ગમ હે ॥ ઐસા૦ ॥ ૩ ॥ તારન મૂલ દયા ધરમહૈ, ફોકટ મિથ્યાત્વ ભરમહૈ ॥ દેવ આગેં અદેવ અદમ હૈ, જિનકે સંગ ચલત વેગમ હૈ ॥ ઐસા૦ ॥ ૪ ॥ નિંદા કરતકું નર્કાદમહૈ, ભવવનમેં અનંત ભ્રમણ હૈ ॥ શુદ્ધ બોધિકું એ માલમ હૈ, વડગચ્છ સદા કાયમ હૈ ॥ ઐસા૦ ॥ ૫ ॥ ભેખ જોર જતિ આલંબ હૈ, જાને દુનિયા સારી આલમ હૈ॥ કરતા હીરરત્ન સૂરિ સલમ હૈં કર જોડી ખડા એકદમ હૈ॥ ઐસા૦ ॥ ૬ ॥ ઈતિ ॥

## ॥ પદ ચુમાલીશમું ॥

મૈંતો સાહાજાદેકું ઢૂંઢણ ચલિયાં ॥ એ ચાલ ॥ મૈંતો જોતિ ફિરૂં જિનરાયા રે, નેમ શ્યામ નહી પાયારે ॥ મૈં૦ ॥ એકબન ઢૂંઢે દૂજો બન ઢૂંઢયો, મેંતો ઢૂંઢ લીયા વન સારા રે ॥ ને૦ ॥ ૧ ॥ વનમૃગ પિંજર સુવા જૂરૂ, મૈંરે નયનસેં નીર વહાયા રે ॥ ને૦ ॥ ૨ ॥ પાવમેં પિંજની ગલે વિચ માલા, મેંતો સેલ્હીકા સ્વાંગ બનાયા રે ॥ ને૦ ॥ ૩ ॥ ચૈન વિજય કહે ધન ધન રાજુલ, મૈંતો પ્રભુ ચરણા ચિત્તલાયા રે ॥ ને૦ ॥ ૪ ॥

## ॥ પદ પીસતાલીશમું ॥

અબ યાકર યા સબજ પરીકા સલામ હૈ ॥ એ દેશી

॥ શાંતિનાથ શોલમાં, અબ દરશ મોહેદેઉ ॥ અબ દરસ મો હે દેઊ પ્રભુ અબ૦ ॥ ૬૦ ॥ ગર્ભમે તો આકે પ્રભુ, સારે સહુ કાજ ॥ મરકી રોગ દૂર કીયે, આપ જિનરાજ ॥ શાંતિ૦ ॥ ૧ ॥ આપહો સનાથ પ્રભુ, મેં ગરિબ અનાથ ॥ દુઃખકીમેં બાત કહું, જોડી દોનું હાથ ॥ શાંતિ૦ ॥ ૨ ॥ આઠ પાંચ વસ હોઇ, ચાર ફિરૂં રાજ ॥ અબકીતો સરન લીયે, રાખો મૈરી લાજ ॥ શાંતિ૦ ॥ ૩ ॥ જૈસે પારેવા પર, કરૂણા કરી રાજ ॥ તૈસે મૈરે મનકી પ્રભુ પૂરો સહુ આજ ॥ શાંતિ૦ ॥ ૪ ॥ ચંદકેશરીતો પ્રભુ, ગુન તેરા ગાવે ॥ જૈન પ્રકાશ મંડલીતો લક્ષ્મીપદ પાવે ॥ શાંતિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ॥ પદ છેંતાલીશમું ॥ યત્તિની ચાલ ॥

ભલાજી પ્રભુ અરજ સુનો મહારાજ, રાજુલ વીનવે પ્રભુ અરજસુ૦ ॥ ટેક ॥ છપન્નકોડ યાદવ મિલ આયે, ભલાજી પ્રભુ વ્યાહનકે તો કાજ ॥ રા૦ ॥ ૧ ॥ પશુઅનકી તો દયા દિલ ધરકે, ભલાજી પ્રભુ જાય ચઢે ગિરિરાજ ॥ રા૦ ॥ ૨ ॥ રાજુલ કહે સુણોરી સખીયા, ભલાજી મૈરે શ્યામ કું લાવો આજ ॥ રા૦ ॥ ૩ ॥ ચંદકેશરી તુમ ગુન ગાવે, ભલાજી પ્રભુ રખીયે મેરી લાજ ॥ રા૦ ॥ ૪ ॥

## ॥ પદ સડતાલીશમું રાગ ધાંટો ॥

મેરે મન વસકર લીનો, જિનવર પ્રભુપાસ ॥ મે૦ ॥ અખીયાં કમલ પાંખડીયાં, મુખસુંદર જાસ મે૦ ॥ ૧ ॥ કાનેં કુંડલ હોય ઝલકે, સસિ સૂરજ સમ ભાસ ॥ મે૦ ॥ ૨ ॥ નીલવરણ તનું સોહે, તીન ભુવન પરકાસ ॥ મે૦ ॥ ૩ ॥ પ્રભુતુમ શરન રહીનેં, સમરૂં સાસોસાસ ॥ મે૦ ॥ ૪ ॥ લાલચંદકી અરજ સુનીનેં, પૂરો વંછિત આશ ॥ મે૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ॥ પદ અડતાલીશમું ॥ ઠુંમરીનો ખ્યાલ ॥

તેરી સાંવરી સુરત માનુ વસ ગઈ રે ॥ દેવ દેખે જગતકે સગરેમે ॥ દે૦ ॥ ૧ ॥ સમુદ્રવિજય શિવા દેવીકે નંદન, નેમીસરસેં તલખ ભઇ રે ॥ દે૦ ॥ તે૦ ॥ ૨ ॥ વ્યાહ નઆયે મેરેમન ભાયે, જગત રીત સબ સરસ ભઇ રે ॥ દે૦ ॥ તે૦ ॥ ૩ ॥ હમહિકાં તારોગે હિતકર, સો ઇચ્છા ઉરમેં ભઇ રે ॥ દે૦ ॥ તે૦ ॥ ૪ ॥ ઇતિપંદ ॥

—:0:—

## ॥ અથ કક્કાવલીની સજઝાય પ્રારંભઃ ॥

કક્કા કર્મની વાત, કરી કમાઇ ભોગવો ॥ શુભ અશુભ જે હોય, ભોગવ્યા વિણ નહીં છૂટકો ॥ ૧ ॥ ખખ્ખા ક્ષણ ક્ષણ આયુ જાય, ચેતવું હોય તો ચેતજે ॥ બાઝ ઝપેટે આય ॥ જ્યાં મુક્યું તે તિહાં રહ્યું ॥ ૨ ॥ ગગ્ગા ગુરૂ વચન મન આણ, ગુરૂ વિના જ્ઞાન ન પામીયે ॥ ગુરૂથી ઉતરશો પા

૨, સદ્‌ગુરૂવચન હીયડે ધરો ॥ ૩ ॥ ધધ્ધા ઘર કુટુંબ પરિ વાર, સ્વારથનો સહુકો સગો ॥ તાહરો ન દીસે કોય, ભોગ વીશ પ્રાણી એકલો ॥ ૪ ॥ નન્ના ન કરીશ નેહ, પરનારીં શું પ્રીતડી ॥ મનનેં રાખી ઠામ, પરનિંદા તું પરિ હરે ॥ ૫ ॥ ચચ્ચા તું ચારે નિવાર, ક્રોધ લોભ મદ મોહની ॥ ચારે દાવાનલ જાણ, કરી કમાઇ હારીયેં ॥ ૬ ॥ છચ્છા છો ડ તું સકલ સંસાર, એ સંસાર અસાર છે ॥ તું જાણે મન સાર, અંતે કોઇ કેહનું નહી ॥ ૭ ॥ જજ્જા જનમ વાર અ સંખ, ભવ અનંતા મેં કરયા ॥ છેદન ભેદન અપાર, પાર ન પામ્યો તેહનો ॥ ૮ ॥ ઝંઝઝા ઝૂરયો સયલ સંસાર, જા ગીનેં જોયું નહી, ખૂતો મોહની જાલ, જનમ મરણ નવી ઓલખ્યો ॥ ૯ ॥ ઞંઞાં નીલ્લાડે લખીયા લેખ, કિણે મિટા યા નવી મટે ॥ જાઓ દેશ વિદેશ, હાણી વૃદ્ધિ સાથેં ચલે ॥ ૧૦ ॥ ટટ્ટા ટાલ તું કુગુરૂ કુદેવ, સદ્‌ગુરૂ સાચો જાણજો ॥ દીયે ધર્મ ઊપદેશ, મુગતિ તણા ફલ પામસો ॥ ૧૧ ॥ ઠઠ્ઠા ઠાલે હાથે મ જાય, પામી ધર્મ નવિ કરચો ॥ મરીનેં વિષહર થાય. ધન ઉપર પરઠી રહે ॥ ૧૨ ॥ ડડ્ડા ડંસ હી યે મત રાખ, ડંસથી દુરગતિ પામીયેં ॥ ડંસ દાવાનલ જાણ, કરી કમાઇ હારીયેં ॥ ૧૩ ॥ ઢઢ્ઢા ઢૂંઢત સયલ સંસાર, નિસપ્રહી કોઇ નવિ મલ્યો ॥ તિસ કા બંદુ પાય, જેહ મલ્યો તે લાલચી ॥ ૧૪ ॥ ણણ્ણા રણ ની વાટેં જાય, પ્રાણી જાતું એકલું ॥ સંબલ લેજ્જે સાથ, આ ગલ નથી હટ વાણીયો ॥ ૧૫ ॥ તત્તા તજતું રાગને દ્વેષ,

સમતાશું મન લાવજે ॥ કરતું વ્રત પચ્ચખ્ખાણ, સામાયક પોસા સાચવે ॥ ૧૬ ॥ થથ્થા થરહર કંપે કાય, મુખથી લાલ ચૂએ ઘણી ॥ પાંચે પરવશ થાય, ધર્મ ઉદય આવે નહી ॥ ૧૭ ॥ દદ્દા દે સુપાત્રે દાન, ભજ ભગવંત વીસારમાં॥ જીવદયા પ્રતિપાલ, રાત્રિભોજન પરિહારો ॥ ૧૮ ॥ ધદ્ધા ધન જોડ્યું તે ખાય, ધર્મનો ભેદ જાણ્યો નહી ॥ હાહુતો દિન રાત, સમતા નાણે પ્રાણીઓ ॥ ૧૯ ॥ નન્ના નારિ વિષ સમ જાણ, વિષની વેલ તું કાપજે ॥ શીયલે અમૃત વેલ, શીલે સવિ સંકટ ટલે ॥ ૨૦ ॥ પપ્પા પર પીડા તું જાણ, જીવ સહુની રક્ષા કરો ॥ આપણ જીવ સમાન, પરનાં એવા જાણીયેં ॥ ૨૧ ॥ ફફ્ફા ફરયો અનંતીવાર, તીન લોક માંહે વલી, તોહી ન પામ્યો પાર, કોઇ સમય જાગ્યો નહીં ॥ ૨૨ ॥ બબ્બા બેકર જોડ, સકલ સાધુને વંદીયેં ॥ ન કરીશ કોઇની વાત, નિંદા કરજે આપણી ॥ ૨૩ ॥ ભભ્ભા ભણ્યોતું, ચારે વેદ, આપ પ્રતીતિ આવે નહી, પરને દીયેછે શીખ આપ કિશ્યું સમજે નહીં॥ ૨૪ ॥ મમ્મા મનુષ્યભવ પાય, ત્રણ દદ્દા તું લાવજે ॥ જીવદયા મન આણ ॥ દાન દેજે મન દમે ॥ ૨૫ ॥ યય્યા આવ્યો યોનિ મઝાર, ઊંધે શિર દુઃખ ભોગવ્યા ॥ શંકટ ઉદર મોઝાર, સાતે નરકથી આકરા ॥ ૨૬ ॥ રરા રત્નચિંતામણી હાથ, કાચ લેઇ મત રાચજે॥ જીતે સકલ સંસાર, પાંચે ઇંદ્રી વશ કરે ॥ ૨૭॥ લલ્લા લે ભગવંતનું નામ, નામે નરભવ પામીયેં ॥ નામે નિરમલ કાય, આવાગમન

નિવારીયેં ॥ ૨૮ ॥ વવ્વા વ્રતમાંહે મન આણ, વ્રતથી વિ
લસો સુખ ઘણા ॥ વ્રતથી પામો પાર ॥ વ્રત છે જીવને મો
ટકું ॥ ૨૯ ॥ શશ્શા સત્ય વચન તું બોલ, સત્યથી શીયલ
નિરમલો ॥ સત્યથી શીતલ આગ, સત્યથી વિષહર વેગલા ॥
૩૦ ॥ ષષ્ષા ખોજતું ઘટમાંહિ, ધર્મ અધર્મ ઘટમાં વસે ॥
ધર્મેં હોયે સિધ્ધિ, અધર્મેં હોયે દુઃખ ઘણો ॥ ૩૧ ॥ સસ્સા
સાત વ્યસન તું છોડ, વ્યસનેં વાહાલા વેગલા ॥ વ્યશની
જીવની હાણ, પરીઆનું પાણી ઉતરે ॥ ૩૨ ॥ હહ્હા હર
ષ ન માય, હરષેં કક્કા જોડીયા ॥ કલ્યાણ વર્ધ્ધન પન્યાસ,
શિષ્ય જિનવર્ધ્ધન એમ ભણે ॥ ૩૩ ॥ ઇતિ કક્કાની સજ્ઝાય

## શ્રી અજિતનાથ મહારાજની લાવણી.

શ્રી અજિતનાથ મહારાજ, ગરીબનિવાજ, જરૂર જિનવર
જી સેવક શિરનામે, તને ઉચ્ચારે અરજી ॥ કરમાફી
મારાવાંક, રઝળીઓ રાંક, અનંતા ભવમેં । ૨ । આવ્યો
છું તારાશરણ, બલી દૂઃખ દવમેં ॥ ક્રોધાદિક ધુકતા
ચાર, ખરેખર ખાર, લગ્યા મુજકડે । ૨ । વલી પાપી
મારો નાથ, છેક છંછેડે ॥ આ મુજરો મુજ ભગવાન,
કરૂં ગુણગાન, ધ્યાનમાં ધરજી । ૨ । ॥ સેવક૦ ॥ ૧ ॥
મેં પૂરણ કર્યાછે પાપ, સુણજો આપ, કહું કરજોડી ॥ મુ

જ ભુંડામાં ભગવાન, ભુલ નહીં થોડી ॥ જીવહિંસા અપરંપાર, કરી કિરતાર, હવે શું કરવું । ૨ । જૂઠું બહુ બોલી, સાચનેશું હરવું ॥ તુજ ખોળામાં મુજશીશ, જાણ જગદીશ, ગમેતે કરજી । ૨ । ॥ સેવક૦ ॥ ૨ ॥ મેં કર્યાં બહુ કુકર્મ, ધરી નહીં ધર્મ, પૂરણ હું પાપી । ૨ । અવલો થઇ તારીઆણ, મેંજ ઉત્થાપી ॥ મેં મુરખ નિંધા, ઘણી મુનિ પરતણી, કરી હરખાયો । ૨ । પરદારા દેખી, લબાડ હું લલચાયો ॥ કિંકર કહે કેશવલાલ, આણીને વ્હાલ, દુઃખ તું હરજી । ૨ । સેવક૦ ॥ ૩ ॥ ઇતિ ॥

## ॥ અથ પંચતિર્થની આરતી ॥

પહેલી આરતિ પ્રથમ જિણંદા ॥ શેત્રુંજા મંડન ઋષભ જિણંદા ॥ શ્રી સિદ્ધાચલતિર્થે આવ્યા ॥ પુર્વે નવાણું ભવિક મન ભાવ્યા ॥ આરતી કીજે શ્રીજિનવરકી ॥ ૧ ॥ દૂસરી આરતી શાંતિજિણંદકી ॥ શાંતિકરે પ્રભુ શિવમારગકી ॥ પારેવો જિણેશરણે રાખ્યો ॥ કેવલ પામીને ધર્મ પ્રકાશ્યો ॥ આ૦ ॥ ૨ ॥ તીસરી આરતી શ્રીનેમનાથ ॥ રાજુલ નારી તારી નિજ હાથ ॥ સહસ પુરૂષશું સંયમ લીધો ॥ કરી નિજ આતમ કારજ સીધો ॥ આ૦ ॥ ૩ ॥ ચોથી આરતી ચિહુંગતિ વારી ॥ પાર્શ્વનાથ ભવિક હિતકારી ॥ ગોડીપાસ સંખેશ્વરપાસ ॥ ભવિજનની પૂરે મનઆસ ॥ આ૦ ॥ ૪ ॥

પાંચમી આરતી શ્રીમહાવીર ॥ મેરૂપરેં જેમ રહ્યાં ધીર ॥ સાડાબાર વરસ તપ તપીયા ॥ કર્મ ખપાવીને શિવપૂર વશિ યા ॥ આ૦ ॥ ૫ ॥ એણિપેરે પ્રભુજીની આરતી કરશે ॥ શુભપરિણામે શિવપૂર વરશે ॥ એણિપેરે જિનજીની આરતી ગાવે ॥ શુભ પરિણામે શિવપૂર જાવે ॥ કર જોડી સેવક ઇમ બોલે ॥ નહીં કોઇ મારા પ્રભુજીને તોલે ॥ આ૦ ॥ ૬ ॥

## ॥ અથ મંગલિક દીપક ॥

આજ ઘેર નાથ પધાર્યા ॥ કીજે મંગલ ચાર ॥ આ૦ પહેલે મંગલ પ્રભૂજીને પૂજું ॥ ઘસી કેસર ઘન સાર ॥ આ૦ ॥ ૧ ॥ બીજે મંગલ અગર ઉખેવું ॥ કંઠે ઠેવું ફૂલ હાર ॥ આ૦ ॥ ત્રીજે મંગલ આરતી ઉતારૂં ॥ ઘંટ બજાવું રણકાર ॥ આ૦ ॥ ૨ ॥ ચોથે મંગલ પ્રભુ ગુણ ગાઉં ॥ નાટિક થઇ થઈ કાર ॥ આ૦ ॥ રૂપચંદ કહે નાથનિરંજન ॥ ચરણ કમલ જાઉં વાર ॥ આ૦ ॥ ૩ ॥

## ॥ અથ દીવો ॥

દીવોરે દીવો મંગલિક દીવો ॥ આરતી ઉતારીને બહુ ચિરંજીવો ॥ દી૦ ॥ સોહામણું ઘરપર્વ દીવાલી ॥ અંબરખેલે અબલાબાલી ॥ દેપાલ ભણે એણે દેવ અજુઆલી ॥ ભાવે ભકતે વિઘ્ન નિવારી ॥ દેપાલ ભણે એણે કલિકાલે ॥ આરતી ઉતારી રાજા કુંઅરપાલે ॥ જે ઘરમંગલિક તે ઘર મંગલિક ॥ ચતુર્વિધ સંઘ ઘર મંગલિક દીવો ॥ દીવોરેદીવો ંગલિક દીવો ॥ ઇતિ ॥

## ॥ અથ સ્તવન ॥

જિન નામકું સમરલે પ્રાણી, બખ્ત પાયા હૈ ॥ ફિર હાથનહી આયે, સદ્‌ગુરૂ બતાયાહૈ ॥ પ્રભુ ના મકું સમરલે પ્રાણી૦ ॥ બખ્ત॥ પાયા હૈ॥ તું કહેતા હૈ કે મૈરી મૈરી, તેરી કૌન હૈ ॥ યા દમકા ક્યા ભરોસા, કછુ નેકી કરલે ॥ જિન૦ ॥ ૧ ॥ રાવણ સરિખે હોગએ, જિસકે બડે અભિમાન ॥ સો પલમેં છીન લીનો, તબ તેરા ક્યા ગુમાન ॥ જિન૦ ॥ ૨ ॥ માયાકે નશેમેં બેફિકર હોરહ્યા, માયાસંગ ન ચલેંગી, ક્યા નિંદમેં સોયા ॥ જિ૦ ॥ ૩ ॥ તું કહેતાહૈ કે મઅરૂપ, સમજ યાર મત્ર ॥ પ્રભુ નામ નામ સચ્ચા, જૂઠા હૈ સબિ તન્ત્ર॥ જિ૦ ॥૪ ॥

---

## સર્વોપયોગી નીતિ પ્રારંભઃ

૧ કોઈપણ શુભકાર્ય કરતાં વિલંબ ન કરવો
૨ મતલબ વિના લવારો ન કરવો
૩ જ્ઞાની થઇને ગર્વ કરવો નહીં
૪ બનતા સુધી ક્ષમા અવશ્ય ધારણ કરવી
૫ ઘરનું ગુહ્ય કોઇને કહેવું નહી
૬ સ્ત્રી તથા પુત્રની કુવાત કોઇને કહેવી નહી
૭ મિત્રથી કાંઈપણ અંતર રાખવો નહી
૮ કુમિત્રનો વિશ્વા ન કરવો
૯ પ્રેમ રાખનારી સ્ત્રીનો પણ વિશ્વાસ ન કરવો
૧૦ કોઈ પણ કાર્ય કરવું તે વિચારીને કરવું